**<u>ક્રિ.પ. અરજી નં. ૯૩/૨૦૨૬</u>** **GJSK120006162026**

**<u>તલોદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૨૫૯/૨૬, બી.એન.એસ.ની કલમ ૩૦૩(૨)૫૪, તથા પશુ પ્રત્યે ઘાતકી વર્તન અટકાવવાનો કાયદો ૧૯૬૦ ની કલમ–૧૧ (૧) (ડી) (ઈ) (એફ) ના કામે નીચેનો હુકમ</u>**

૧: અરજી વંચાણે લીધી.સાંભળ્યા.

૨: અરજદાર/આરોપીઓ તરફે વિ.વકીલશ્રીએ પોતાની ભારપુર્વકની દલીલોમાં જણાવેલ છે કે, તહોમતદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો કરેલ નથી. અમારી સામે તદ્દન ખોટો કેસ કરવામાં આવેલ છે. અમો બનાવ બાબતે કાંઈ જાણતા નથી. અમો તદ્દન નિર્દોષ છીએ. અમોને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. અમો તહોમતદાર કયાંય નાસી ભાગી જઈએ તેવા નથી. તપાસમાં પુરે–પુરો સાથ સહકાર આપશુ. નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા રાજીખુશી છે તેમજ હુકમ મુજબના જામીન રજુ કરવા ખુશી હોય જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે.

૩: વિ.એ.પી.પી.શ્રી એ.આર.ભાડલીયાનાઓએ જામીન અરજી ઉપર શેરો કરી વાંધો લીધેલ છે. ગુનાની ગંભીરતા ધ્યાને લેતાં વાંધો છે.''

૪: વિ.વ.શ્રીની દલીલો તેમજ ફરિયાદ હકીકત તથા રેકર્ડ પરની હકીકતો ધ્યાને લીધી. અરજદાર/આરોપીઓ સામે આક્ષેપિત ગુનાની ગંભીરતા, અંગે ગુના સજાની જોગવાઈ અને ગુનાનો પ્રકાર ધ્યાને લીધો. ગુનાની તપાસમાં અરજદાર/આરોપીએ સહકાર આપવાની રજુઆત કરેલ છે. આ સંજોગોમા અરજદાર/આરોપીની હાજરી સુનિશ્ચિત કરી,અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરવામા આવે તે મુજબના કેસના સંજોગો અને હકીકતો હોવાનુ જણાઈ આવે છે. આથી ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## :: હુકમ ::

આથી અરજદાર/આરોપી **મોહમદબીલાલ ઉર્ફે સામીર ઉર્ફે બટકો હનીફભાઈ કુરેશી,રહે. મકાન નં.૬, સંજરીપાર્ક વિભાગ-૨, બાગેનવાબ મસ્જીદની ગલીમા, બાગેકૌશર સામે, નારોલ, અમદાવાદનાઓ**એ રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો :</u>**

૧) અરજદાર/આરોપીએ પોતાના રહેઠાણનું સરનામું કોર્ટને પુરસીસથી જાહેર કરવું તેમજ કોર્ટને જાણ કર્યા સિવાય સરનામું બદલવું નહી.

૨) અરજદાર/આરોપીએ આ પ્રકારની અન્ય ગુનાહિત પ્રવૃતિમાં ભાગ લેવો નહી.

૩) અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાહેદોને ધાક ધમકી, લોભ-લાલચ આપવા અપાવવા નહી અને પુરાવા સાથે ચેડા કરવા-કરાવવા નહી.

૪) અરજદાર/આરોપીએ તપાસમાં પુરેપુરો સાથ સહકાર આપવો.

૫) અરજદાર/આરોપીએ ચાર્જશીટ થયા સુધી સંબંધીત પોલીસ સ્ટેશને મહિનાના પહેલા સોમવારે હાજરી પુરાવી.

તા.૦૨-૦૬-૨૦૨૬
મુ.તલોદ.

**( એચ.એચ.પટેલ)**
જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,તલોદ.
(જજ કોડ નં.જી.જે.૦૧૭૨૨)